ફોજદારી કેસ નં. <u>૧૦૨૧/૨૦૦૧</u>

– : : આંક–૦૧ લગત હુકમ : : –

વ.એ.પી.પી.શ્રીએ જીલ્લા કલેકટરશ્રી, રાજકોટના આદેશાનુસાર આંક– <u>૨૫, ૨૬</u> વાળી પુરસીસથી હાલનો કેસ પરત ખેંચેલ છે. રેકર્ડ ધ્યાને લેતા પુરતા પ્રયત્ન કરવા છતાં આરોપીને પ્રોસેસની બજવણી થઈ શકતી નથી અને આરોપીની ટ્રાયલ દરમ્યાન હાજરી સુનિશ્ચિત કરી શકાતી નથી. આમ, પ્રસ્તુત કેસ ઘણો જુનો છે, જેથી હવે ઈન્સાફી કાર્યવાહી આગળ વધારવી ઘણી જ મુશ્કેલ જણાતી હોય અને આવા ડેડવુડ કેસોના ભરાવાના કારણે ઈફેકટીવ ફોજદારી કેસની ઈન્સાફી કાર્યવાહીમાં પણ પુરતુ ધ્યાન આપી શકાતુ ન હોઈ આવા કેસોના ભરાવાનુ ભારણ ઓછુ થાય અને ઈફેકટીવ કેસ તરફ પુરતુ ધ્યાન આપી શકાય, તેવા શુભઆશય સાથે આ કેસની ઈન્સાફી કાર્યવાહી બંધ કરવી વ્યાજબી અને ન્યાયોચિત જણાય છે. આ સંજોગોમાં ન્યાયના હિતમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૨૧ અન્વયે આ ફોજદારી કેસ પરત ખેંચવા આસીસ્ટંટ પબ્લીક પ્રોસીકયુટરને પરવાનગી આપવામાં આવેલ છે અને આ કેસમાં ચાર્જ ફ્રેમ કરવામાં આવેલ ન હોઈ, આરોપીને બિન–તહોમત / નિર્દોષ મુકત કરવા આદેશ કરવામાં આવે છે.

મુદ્દામાલ અપીલ સમય વિત્યે ફરીયાદીને પરત સોંપવો./ નિયમોનુસાર નિકાલ કરવો.

આજરોજ ખુલ્લી અદાલતમાં હુકમ વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: રાજકોટ.
તારીખ: ૨૨–૦૪–૨૦૧૮

(સુનિલ મહેન્દ્રભાઈ ગોવાણી),
૬ઠ્ઠા એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
રાજકોટ.
જી.જે.૦૦૯૧૮